હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

સળંગ અંક : ૬૯૧, વર્ષ : ૩૦
અંક : ૧૨ જુન-૧૬, ૨૦૧૭

# ઉદીચ્ય

HNGU HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Re-Accredited "A" 3.02 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ: શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

"Indians do not have the patience to focus on a problem for an extended period of time. We do not think of institutions in the long run. We panic when there is a crisis, but when a crisis dims, we loose our focus. As a result, we are poor at institution-building. We treat institutions cosmetically, applying the latest management gloss or creating a fetish of numbers like the ritual of rankings. Today an institution such as the university is in crisis and yet there is no systematic response, no reflexivity, no sense of loss. The university reflects both a failure of sociological analysis and of story telling."

**"Moral Economy of a University"**
**Lead Article by Shiv Visvanathan, The Hindu, February-25, 2017**

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

વૈદિક કાળના સમાજ જીવનમાં શિક્ષણ પ્રણાલી ઉચ્ચ સ્થાન ભોગવતી હતી. ‘‘स्वदशे पूजयते राजा, विद्वान सर्वत्र पूजयते’’ એ સર્વસ્વીકૃત બાબત હતી. ગુરુ-શિષ્ય પરંપરા આધારિત શિક્ષણ પદ્ધતિનો મુખ્ય ઉદ્દેશ વ્યક્તિને પૂર્ણતા તરફ લઈ જવાનો હતો. વિશ્વની પ્રથમ યુનિવર્સિટી ઇ.સ. પૂર્વે ૭૦૦માં તક્ષશીલામાં કાર્યરત હતી. નાલંદા યુનિવર્સિટીની સ્થાપના ઇ.સ. પૂર્વેની ચોથી શતાબ્દીમાં થઈ હતી. ચરક, શ્રૂત, આર્યભટ્ટ, ભાસ્કરાચાર્ય, ચાણક્ય, પતંજલી અને વાત્સ્યાયન જેવા અનેક વિદ્વાનો દ્વારા સાયન્સ, ટેક્નોલોજી, અર્થશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર વિગેરેમાં સંશોધન આધારિત નવા નિયમો પ્રસ્થાપિત કરાયા હતા. સમયની સાથે આ પદ્ધતિઓ ટકાવી શકાઈ નહીં. તેમાંય, ગુલામી કાળમાં સમગ્ર શિક્ષણ પદ્ધતિનો ઉદ્દેશ જ બદલાઈ ગયો.

ઉચ્ચ શિક્ષણને યોગ્ય દિશા મળી રહે તે હેતુથી સૌ પ્રથમ ઇ.સ. ૧૯૪૮-૪૯માં ‘‘યુનિવર્સિટી એજ્યુકેશન કમિશન’’ જે રાધાકૃષ્ણન કમિશન તરીકે ઓળખાય છે તેની રચના કરવામાં આવી. આ કમિશને તેના અહેવાલમાં ઉચ્ચ શિક્ષણની દિશા સ્પષ્ટ કરી : ‘‘શિક્ષણને જીવન સાથે, લોકોની અપેક્ષા પરિપૂર્ણ કરે તે રીતે જોડીને તાકીદના અગત્યના આમૂલ ફેરફારો કરવાની જરૂરિયાત છે, જેથી શિક્ષણ દ્વારા આર્થિક, સામાજિક તથા સાંસ્કૃતિક ફેરફારો આણી શકાય. જેનાથી રાષ્ટ્રીય ધ્યેયો હાંસલ કરી શકાય. આ માટે શિક્ષણને એવી રીતે વિકસાવવું કે જેનાથી ઉત્પાદકતામાં વૃદ્ધિ થાય, સામાજિક તથા રાષ્ટ્રીય એકતા સધાય, આધુનિકીકરણની પ્રક્રિયા ઝડપી બને તથા સામાજિક, નૈતિક તથા આધ્યાત્મિક મૂલ્યો સંવર્ધિત બને.’’

ત્યારબાદ, સંપૂર્ણ શિક્ષણ પદ્ધતિનો અભ્યાસ કરી, તેના આંતરમાળખાને સમજી, નીતિ વિષયક ભલામણો કરવા માટે ૧૯૬૪માં કમિશનની રચના કરવામાં આવી જે કોઠારી કમિશન તરીકે જાણીતું છે. આ કમિશનના અહેવાલથી ઉચ્ચ શિક્ષણના ધ્યેયોનું વધારે સ્પષ્ટીકરણ થયું. કોઠારી કમિશન દ્વારા પંચવિધ કાર્યક્રમોની ભલામણ કરવામાં આવી. (૧) શિક્ષણને ઉત્પાદકતા સાથે સાંકળવું. (૨) શૈક્ષણિક કાર્યક્રમો થકી સામાજિક અને રાષ્ટ્રીય એકતાને સુદઢ બનાવવી. (૩) શિક્ષણ દ્વારા લોકશાહીને મજબૂત બનાવવી. (૪) સામાજિક, નૈતિક તથા આધ્યાત્મિક મૂલ્યો વિકસાવવા અને (૫) જિજ્ઞાસા થકી દષ્ટિબિંદુ તથા મૂલ્યોમાં બદલાવ લાવી, જરૂરી કૌશલ્યો વિકસાવવા અને તે થકી સમાજજીવનમાં આધુનિકીકરણ લાવવું.

આ બે અહેવાલની ફલશ્રૂતિ રૂપે ઇ.સ. ૧૯૮૬માં ઉચ્ચશિક્ષણની રાષ્ટ્રીય નીતિ (નેશનલ પોલિસી ઓન હાયર એજ્યુકેશન) ઘડવામાં આવી. જેમાં ઉચ્ચ શિક્ષણના પાંચ મુખ્ય ધ્યેયો સ્પષ્ટ કરવામાં આવ્યા. ઉચ્ચ શિક્ષણની વધુ સુલભતા (Greater Access), સમાન સુલભતા (Equal Access or Equity), ગુણવત્તા અને ઉત્કૃષ્ટતા (Quality and Excellence), સુસંગતતા (Relevance) અને સામાજિક મૂલ્યોમાં વધારો (Promotion of Social Values). આ ધ્યેયો સાકાર કરવા માટે ૧૯૯૨માં એકશન પ્લાન ઘડવામાં આવ્યો. આ પ્લાન મુજબ જુદી જુદી પંચવર્ષીય યોજનાઓમાં નીતિ વિષયક બાબતો ઘડવામાં આવી. સુલભતા, ગુણવત્તા તથા સમાનતાને ધ્યાનમાં રાખી, વિવિધ સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી. તાજેતરમાં, નેશનલ પોલિસી ઓન એજ્યુકેશન-૨૦૧૬નો અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.

ભારત સરકારના માનવ સંસાધન મંત્રાલય દ્વારા ટી.આર.એસ. સુબ્રમનિયનના અધ્યક્ષપદે નવી શિક્ષણ નીતિ ઘડી કાઢવા માટે સમિતિ બનાવવામાં આવી હતી. જેના અન્ય ચાર સભ્યો - શ્રી જે.એસ. રાજપૂત, શ્રી શૈલજાચન્દ્ર, શ્રી સેવા રામ શર્મા તથા શ્રી સુધીર માંકડ હતા. સમિતિ દ્વારા તા. ૩૦ એપ્રિલ ૨૦૧૬ના રોજ અહેવાલ સુપરત કરાયો છે. સમિતિ દ્વારા તેનો અહેવાલ નવ પ્રકરણોમાં આવરી લેવાયો છે. જેમાં પ્રથમ પ્રકરણમાં ગુણવત્તાયુક્ત શિક્ષણને ધ્યાનમાં રાખી સમિતિ દ્વારા ભારતીય શિક્ષણ પ્રણાલીનું ટૂંકમાં નિરૂપણ કરી, ભાવિ યોજનાની ભૂમિકા દર્શાવી છે. બીજા પ્રકરણમાં અહેવાલ બનાવવા માટેની કાર્ય પદ્ધતિનું વિવરણ છે. નવી શિક્ષણનીતિ-૨૦૧૬નો સંદર્ભ તથા હેતુઓ વિશેની છણાવટ ત્રીજા પ્રકરણમાં વર્ણવવામાં આવી છે. આના અંતિમ પરિપાકરૂપે ચોથા પ્રકરણમાં નવી શિક્ષણ નીતિની આવશ્યકતા પ્રસ્થાપિત કરવામાં આવી છે. ત્યારબાદના પ્રકરણ પાંચ, છ અને સાત, સમગ્ર શિક્ષણ નીતિના હાર્દ સ્વરૂપના છે. જેમાં શિક્ષણનું સંચાલન, સ્કૂલ શિક્ષણ, તેમજ ઉચ્ચ શિક્ષણના વિવિધ આયામો તથા વિવિધ બાબતોની ભલામણો કરવામાં આવી છે. રાષ્ટ્રીય કક્ષાની વિવિધ સંસ્થાઓ ; UGC, AICTE, IGNOU, NIOS, NUEPA,

NCERT વગેરેમાં જરૂરી સુધારા તથા આ સંસ્થાને સુદૃઢ બનાવવા અંગેની ભલામણો કરવામાં આવી છે. છેલ્લા, નવમા પ્રકરણમાં સંકલનરૂપે તમામ બાબતોને આવરી લઈ મુખ્ય ભલામણો કરવામાં આવી છે. સમગ્ર અહેવાલ ૨૧૭ પેજમાં સમાવિષ્ટ છે. ભારત સરકાર દ્વારા સુબ્રમનિયન સમિતિના આ અહેવાલને ધ્યાનમાં લઈ, નીતિ આયોગ દ્વારા આ દિશામાં આગળની કાર્યવાહી હાથ ધરાઈછે.

ઉચ્ચ શિક્ષણને લગતી બાર જેટલી બાબતો અંગે સુબ્રમનિયન સમિતિનો અહેવાલ પ્રકરણ સાતમા આવરી લેવાયો છે. જેની ટૂંકી નોંધ આ મુજબ છે : ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તાને અસરકરતા પ્રશ્નો. જેમાં એકબાજુ, IITs, IIMs તથા IIITs જેવી વૈશ્વિક પ્રતિષ્ઠા ધરાવતી સંસ્થાઓ છે તો બીજીબાજુ, 'Teaching Shops' - શિક્ષણની હાટડીઓ ફૂલીફાલી છે. આમાં પારદર્શિતાનો સંપૂર્ણ અભાવ તથા ઉત્તરદાયિત્વ જોવા મળતું નથી. ગુણવત્તાને અસર કરતી ગંભીર બાબત યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકોનો અભાવ છે. સમિતિ નોંધે છે કે વર્ષમાં બે વાર યોજાતી NET પરીક્ષામાં ત્રણ લાખથી વધુ ઉમેદવારો ભાગ લે છે, પરંતુ પરિણામ ૫ ટકાથી પણ ઓછું આવે છે. સરકારના તમામ પ્રયત્નો ગ્રોસ એનરોલમેન્ટ ગુણોત્તર (GER) જે હાલ ૨૩% જેટલો છે તેને RUSA ના પ્રયત્નો થકી ૩૦% સુધી લઈ જવાનો પ્રયત્ન છે. પરંતુ, ઉદ્યોગગૃહોના મંતવ્યો મુજબ, ડીગ્રી પ્રાપ્ત કરનાર સ્નાતકો પૈકી વધુમાં વધુ ૨૦ ટકા વિદ્યાર્થીઓને જ સીધી નોકરી આપી શકાય તેવા છે. આમ એકબાજુ, સ્નાતકોનું પ્રમાણ વધે છે પરંતુ નોકરી માટેના કૌશલ્યોનું સંવર્ધન ઉચ્ચશિક્ષણ સંસ્થાઓમાં થતું નથી. ગુણવત્તાને લગતી બીજી બાબત NAAC ને લગતી છે. દેશની એક્રિડિટેડ યુનિવર્સિટીઓ પૈકી માત્ર ૩૨%ને A Grade મળેલ છે. જ્યારે માત્ર ૯% કૉલેજોને A Grade પ્રાપ્ત થયેલ છે. જ્યારે ૬૮% યુનિવર્સિટીઓ તથા ૯૧% કૉલેજોને સામાન્ય અથવા તેથી નીચો ગ્રેડ પ્રાપ્ત થયેલ છે. આ તમામ બાબતોને ધ્યાને લઈસમિતિ દ્વારા વિવિધ ભલામણો કરવામાં આવી છે. જેમાં શિક્ષણની હાટડીઓ પર અંકુશ, મેરીટ આધારિત પબ્લીક સર્વિસ કમિશન અથવા સ્વતંત્ર સંસ્થા દ્વારા શિક્ષકોની ભરતી, ભરતી પ્રક્રિયા ઝડપી બને તથા અધ્યાપકોની ઘટ પૂર્તતા કરવી, શિક્ષકોને તાલીમ જેવી બાબતો આવરી લેવાઈ છે.

ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓના સંચાલનમાં સરકારની ભૂમિકા અંતર્ગત વિવિધ પ્રશ્નોને આવરી લઈ, સમિતિ દ્વારા ભલામણો કરવામાં આવી છે. સરકારી યુનિવર્સિટીઓ જેમાંની મોટાભાગની જોડાણો આપી, સ્નાતક કક્ષાની ડીગ્રીઓ આપે છે આવી યુનિવર્સિટીઓ ન તો પૂર્ણ સ્વાયત્ત છે, ન રાજ્ય સરકારો પૂરતુ નાણાકીય ભંડોળ પૂરુ પાડે છે. પરિણામે સંશોધન તથા નવીનીકરણ અંગે કોઈ ખાસ નોંધપાત્ર કામગીરી થઈ શકતી નથી. બીજી બાજુ, ખાનગી યુનિવર્સિટીઓ, ઉચ્ચ શિક્ષણને બજાર તરીકે જુએ છે. આમ બંને તરફ, ન તો ગુણવત્તા અંગેના કોઈ નિયંત્રણો છે કે ફી નિયમનથી માંડી સંચાલન અંગેનો કોઈ સ્પષ્ટ દિશા નિર્દેશ નથી. આ બધા માટે જુદી જુદી રેગ્યુલેટરી સંસ્થાઓ વચ્ચે પણ સંકલનનો અભાવ જોવા મળે છે. આ માટે સમિતિ દ્વારા National Higher Education Promotion and Management Act ઘડી કાઢવાની ભલામણ કરવામાં આવી છે. આ નવા કાયદા અંતર્ગત માન્યતા, એક્રિડિટેશન તેમજ સંસ્થાના મૂલ્યાંકનની કામગીરી અંગેના ધોરણો ઘડી કાઢવા તથા તેના નિયમન અંગેની જોગવાઈઓ કરવાનું સૂચન છે. માત્ર ''ડીગ્રી શોપ''ને બદલે શિક્ષણ સંસ્થાઓ "Centre of Excellence" બને તે દિશામાં પણ સમિતિ દ્વારા ભલામણો કરવામાં આવી છે. વધુમાં વધુ સ્વાયત્તતાની માંગણી છે. પરંતુ જવાબદારીતા સાથે તેનો સંગમ થાય તે ખૂબ જ જરૂરી છે. વિશ્વની પ્રથમ ૨૦૦ યુનિવર્સિટીઓમાં, ભારતની એકપણ સંસ્થા સ્થાન મેળવતી નથી તે બાબત ધ્યાને લઈ, સંસ્થાઓનું મૂલ્યાંકન સંભવિત પરિણામોને લક્ષમાં રાખી કરાય તે બાબત પર ભાર મૂકાયો છે.

સંશોધન અને નવીનીકરણની ઉચ્ચ શિક્ષણમાં પરિસ્થિતિ અંગે સમિતિએ નોંધ્યું છે કે ભારતમાં થતા સંશોધનનો વૈશ્વિક પ્રમાણ ૨.૮ ટકા થી વધી ૩.૪ ટકા સુધી થયું છે. ભારતની ૮૦૦થી વધુ યુનિવર્સિટીઓ, ૪૦૦૦૦થી વધુ કૉલેજો તથા ૮ લાખથી વધુ અધ્યાપકો અને લગભગ ૩ કરોડ વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાને લેતાં, સંશોધનની બાબતમાં વૈશ્વિક સ્તરે આપણો દેખાવ અત્યંત કંગાળ ગણી શકાય. આ માટે સમિતિ દ્વારા આવતા દસ વર્ષમાં ૧૦૦ જેટલા નવા Centre of Excellence સ્થાપવાની ભલામણ કરવામાં આવી છે. સમિતિ દ્વારા Council for Excellence in Higher Education (CEHE) ભારત સરકારના માનવ સંસાધન મંત્રાલય દ્વારા સ્થપાય તેવી ભલામણ કરવામાં આવી છે.

કૉલેજો તથા યુનિવર્સિટીઓમાં ગુણવત્તા માપન તથા ગુણવત્તાની દેખરેખ માટે હાલની એક્રિડિટેશનની પદ્ધતિમાં પણ ફેરફારો સૂચવ્યા છે. આ માટે હાલની ટેકનીકલ સંસ્થાઓના મૂલ્યાંકન માટેની સંસ્થા NBA (National Board of Accreditation)ની કામગીરી કંપની ધારાની કલમ-૮ હેઠળ સ્થપાયેલ બીન-નફાના ઉદ્દેશવાળી ખાનગી કંપનીઓને સોંપવાની ભલામણ સમિતિ દ્વારા કરવામાં આવી છે. NAACને પુનઃગઠીત કરી તેનુ નવુ નામ National Accreditation Agency (NAA) બનાવી, મૂલ્યાંકન માટેની એપેક્ષ સંસ્થાનો દરજ્જો આપવાની ભલામણ કરવામાં આવી છે.

ભારતની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓને આંતરરાષ્ટ્રીય સ્તરની સંસ્થાઓ સાથે જોડવાની બાબત પણ આવરી લેવામાં આવી છે. ભારતમાં અન્ય દેશોમાંથી આશરે ૭૫૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવે છે જ્યારે ભારતમાંથી ૩,૦૦,૦૦૦ વિદ્યાર્થીઓ બીજા દેશોમાં ઉચ્ચ શિક્ષણ માટે જાય છે. આ માટે ઉચ્ચ શિક્ષણના સ્તરને વૈશ્વિક બનાવવાની જરૂરીયાત છે તે માટે ઘટતું કરવા સમિતિએ સૂચનો કર્યા છે.

આ બધી બાબતોનું યોગ્ય સંચાલન તથા અમલીકરણ માટે સમિતિએ National Higher Education Promotion and Management Act ઘડવાની ભલામણ કરી છે. આ કાયદા અંતર્ગત દરેક રાજ્યમાં સ્વતંત્ર Council of Higher Education સ્થાપવાની બાબત વણી લેવામાં આવી છે. ઉચ્ચ શિક્ષણમાં નાણાકીય સહાય માટે યુજીસી તરફથી વાર્ષિક રૂા. ૧૦૫૦ કરોડ જુદી જુદી યોજનાઓ અન્વયે અપાય છે. સમિતિ દ્વારા National Higher Education Fund નું ગઠન કરવા સૂચવાયું છે. આ ફંડ થકી ૧૦ લાખ ફેલોશીપ, ટેલેન્ટ સ્કોલરશીપ યોજના ઘડી કાઢી, સીધો જ વિદ્યાર્થીઓને લાભ આપવાની ભલામણ કરવામાં આવી છે.

આ ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ માટે પ્રોફેશનલ અભ્યાસક્રમો માટે પ્રવેશ પરીક્ષા, Promotion of Massive Open Online Courses (MOOCs) તથા Open and Distance Learning (ODL) અંગેના વિવિધ સૂચનો કરવામાં આવ્યા છે. છેલ્લે મેડીકલ શિક્ષણ તથા ખેતીવાડી શિક્ષણ અંગેની ભલામણો પણ કરવામાં આવી છે.

છેલ્લે, College Post, January-March : 2017ના એક લેખની બાબત નોંધું છું.

"The Report has apparently made an honest attempt to diagnose the problems facing Indian higher education, the policy prescriptions do not deal with the problems which are deep rooted and systematic. The report gives a clear indication of shift from state control to state supervision, granting more autonomy, to be more efficient, effective, accountable and responsive to the environment."

તા. ૧૬-૦૬-૨૦૧૭
પાટણ.

પ્રોફે. બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યુઝ

| MARCH - JUNE 2017 | | | | |
|---|---|---|---|---|
| **Sr. No.** | **Exam Name** | **Total Student** | **Result Decalred(days)** | **Total Result (%)** |
| **EXAM PERIOD : 20/04/2017 TO 03/05/2017** | | | | |
| 112 | B.SC. SEMESTER-II | 12153 | 41 | 54.87 |
| 113 | M.LIB. SEMESTER-II | 28 | 46 | 100.00 |
| 114 | B.P.ED. SEMESTER-IV | 5 | 40 | 100.00 |
| 115 | ARCHITECTURE SEMESTER-VIII | 79 | 38 | GRADE |
| 116 | ARCHITECTURE SEMESTER-X | 75 | 44 | GRADE |
| **EXAM PERIOD : 25/04/2017 TO 06/05/2017** | | | | |
| 117 | MASTER OF URBAN PLANNING SEMESTER-IV | 22 | 28 | GRADE |
| **EXAM PERIOD : 29/05/2017 TO 07/06/2017** | | | | |
| 118 | B.A. SEMESTER-V (SUP.) | 906 | 13 | 62.01 |
| 119 | B.SC. SEMESTER-V (HOME SCIENCE) (SUP.) | 7 | 09 | 85.71 |
| 120 | B.COM. SEMESTER-V (SUP.) | 468 | 9 | 47.03 |
| 121 | B.B.A. SEMESTER-V (SUP.) | 12 | 1 | 66.67 |
| 122 | B.C.A. SEMESTER-V (SUP.) | 42 | 12 | 92.86 |
| 123 | B.R.S. SEMESTER-V (SUP.) | 14 | 9 | 33.33 |
| 124 | M.ED. SEMESTER-I (SUP.) | 12 | 14 | 80.00 |
| 125 | LL.B. SEMESTER-V (SUP.) | 31 | 14 | 96.15 |
| 126 | M.C.A. SEMESTER-V (SUP.) | 6 | 15 | 83.33 |
| 127 | M.C.A. SEMESTER-V (5 Years INTEGRATED) (SUP.) | 5 | 15 | 40.00 |
| 128 | P.G.D.Y.ED. (YEARLY) | 28 | 6 | 92.00 |

## જોબ પ્લેસમેન્ટ

તા. ૨-૬-૨૦૧૭ના રોજ રંગભવન હોલ, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ, પાટણ ખાતે રોજગાર કચેરી, પાટણ દ્વારા મેગા જોબ ફેરનું આયોજન કરવામાં આવેલ. આ ભરતીમેળામાં વિવિધ નોકરીદાતા દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ પાસ, ગ્રેજ્યુએટ, આઈ.ટી.આઈ., ટીમ લીડર, હેલ્પર, સેલ્સ એક્ઝ્યુકેટીવ, કસ્ટ્રકશન ટેકનીશીયન જેવી કુલ ૯૪૧ જગ્યાઓ નોટીફાઈડ થયેલ હતી. ભરતીમેળામાં કુલ ૧૩૯૨ ઉમેદવારો અને ૧૦ નોકરીદાતાઓ હાજર રહેલ અને કુલ ૭૨૭ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવેલ. ભરતીમેળામાં શ્રી આનંદ પટેલ-માન. કલેક્ટરશ્રી, પાટણ તથા પ્રો. બી.એ. પ્રજાપતિ-માન. વાઈસ ચાન્સેલરશ્રી, હેમ.ઉ.ગુ.યુનિ., પાટણ

# કોલેજ ન્યુઝ

## ગૌરવ

* હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની થર્ડ એલએલ.બી. પરીક્ષામાં ડીસ્ટ્રીક્શન સાથે સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે કુ. નિધિ ફોફાણી અને દ્વિતીય ક્રમે કુ. સુમિત્રા સોલંકી પાલનપુર લૉ કૉલેજની વિદ્યાર્થિનીઓ ઉત્તીર્ણ થયેલ છે.


કુ. આરતીબેન



કુ. હિરલ


કુમારી દિવ્યાબેન

* શ્રી વી.આર. પટેલ કૉલેજ ઑફ કોમર્સ, મહેસાણાની વિદ્યાર્થિની કુ. આરતીબેન પોપટલાલ પ્રજાપતિએ એપ્રિલ ૨૦૧૭માં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલ એમ.કોમ.ની પરીક્ષામાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે, તેમજ કુ. હિરલ મનોજકુમાર મહેતાએ એપ્રિલ ૨૦૧૭માં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલ બી.કોમ. સેમ-૬ની પરીક્ષામાં કૉલેજમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. તેમજ કુમારી રીઝવાણી દિવ્યાબેન ઈશ્વરલાલે એપ્રિલ-૨૦૧૭માં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલ બી.કોમ. સેમ-૨ની પરીક્ષામાં ૯૦.૭૧ ટકા મેળવી યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

# Grand Education Fair

JUNE
14 | 15 | 16
2017




## Hemchandracharya North Gujarat University





































## ગ્રાન્ડ એજ્યુકેશન ફેર-૨૦૧૭

* ગુજરાત સરકારના એજ્યુકેશન વિભાગ, નોલેજ કંસોર્ટિયમ ઓફ અને ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓને વધુ અભ્યાસ અને કેરીયર્સ સંદર્ભે માર્ગદર્શન મળી રહે તે હેતુસર તા. ૧૪-૧૫ અને ૧૬ જુન-૨૦૧૭ના રોજ ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટર, અમદાવાદ ખાતે ગ્રાન્ડ એજ્યુકેશન ફેર-૨૦૧૭નું આયોજન કરવામાં આવેલ. આ એજ્યુકેશન ફેરનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને એજ્યુકેશન અને કેરીયર્સને લગતી મુજવણનો ઉકેલ લાવવા માટે એક ઉમદા પ્રયત્ન ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલ. વિદ્યાર્થીઓને ગુજરાત રાજ્યની સ્ટેટ યુનિવર્સિટીઓ, પ્રાઈવેટ યુનિવર્સિટીઓ, સરકારી કોલેજો, પ્રાઇવેટ કોલેજોમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમોની માહિતી મળી રહે તે માટે એજ્યુકેશન ફેરમાં સ્ટોલ ઉભા કરવામાં આવેલ હતા. વધુમાં વિદ્યાર્થીઓને વિદેશમાં વધુ અભ્યાસ માટેની બેંકલોન મળી રહે તે માટે વિવિધ બેંકો દ્વારા પણ સ્ટોલ ઉભા કરવામાં આવેલ હતા. ગ્રાન્ડ એજ્યુકેશન ફેર દરમ્યાન વિદ્યાર્થીઓને વિશિષ્ઠ માહિતી મળી શકે તે હેતુસર ત્રણ દિવસ દરમ્યાન પ્રોફેશનલ અને જનરલ કોર્સીસ તથા ડિફેન્સ સર્વિસમાં કેરીયર્સ ગાઇડલાઇન્સ, ફોરેન સ્ટડીઝ, સિવિલ સર્વિસ, સ્કોલરશીપ, એજ્યુકેશન લોન, ડિસ્ટન્સ એજ્યુકેશન, કોમ્યુનીકેશન સ્કીલ, પ્રેઝન્ટેશન સ્કીલ, બોડી લેંગ્વેજ, ટાઇમ અને સ્ટ્રેસ મેનેજમેન્ટ, ટીમ વર્ક જેવી થીમ પર સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું.

ગ્રાન્ડ એજ્યુકેશન ફેર-૨૦૧૭નો ઉદ્દઘાટન સમારોહ તા. ૧૪-૦૬-૨૦૧૭ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે ગુજરાત યુનિવર્સિટીના કન્વેશન સેન્ટર ખાતે માન. મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં યોજવામાં આવેલ હતો. ઉદ્દઘાટન સમારોહમાં ગુજરાત રાજ્યના માન. શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, મહારાષ્ટ્ર રાજ્યના માન.શિક્ષણ મંત્રીશ્રી વિનોદ તાવડે, ગુજરાત રાજ્યના માન. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મંત્રીશ્રી નાનુભાઇ વાનાણી, રાજ્ય કક્ષાના માન. ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમારની વિશેષ ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ. ઉચ્ચ અને ટેક્નીકલ શિક્ષણ વિભાગના મુખ્ય શિક્ષણ સચિવ અંજુ શર્મા, ઉચ્ચ શિક્ષણ કમિશ્નર શ્રી કે.કે. નિરાલા, કે.સી.જી. એડ્વાઇઝર અને ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ શ્રી એ.યુ. પટેલ ઉપસ્થિત રહેલ. સમારોહમાં રાજ્યની તમામ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ, અધિકારીગણ, યુનિ. વિભાગના વડાઓ, કોલેજના આચાર્યશ્રીઓ, શિક્ષણવિદ્દો અને પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ. વિશાળ ઓડીયન્સની વ્યવસ્થાના ભાગરૂપે મુખ્ય ઓડીટોરીયમ સિવાય અન્ય ઓડીટોરીયમમાં લાઇવ ટેલિકાસ્ટની વ્યવસ્થા કરવામાં આવેલ.

માન. મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી દ્વારા ગુજરાતમાં સંશોધનલક્ષી શિક્ષણ થાય તેના ઉપર વિશેષ ભાર મુકવા જણાવેલ. ગુજરાત સરકાર દ્વારા વિદ્યાર્થીઓ માટે સ્ટાર્ટઅપ ગ્રાન્ટ તથા સારા સંશોધન માટે રીસર્ચ ગ્રાન્ટની પહેલ કરવામાં આવેલ છે. ઉદ્દઘાટન સમારોહમાં માન. મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ ગ્રાન્ટના ચેક પણ અર્પણ કરવામાં આવેલ તથા સિવિલ સર્વિસની પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલ ગુજરાતના વિદ્યાર્થીઓને પુરસ્કાર પણ એનાયત કરવામાં આવેલ. માન. શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા ગુજરાત રાજ્યનું શિક્ષણ વિભાગ વિદ્યાર્થીઓના વિકાસ માટે કટિબદ્ધ હોવાનું જણાવેલ. મહારાષ્ટ્ર રાજ્યના માન. શિક્ષણમંત્રીશ્રી વિનોદ તાવડે દ્વારા ગુજરાત રાજ્યના બ્લડમાં બીઝનેસ હોવા છતાં સ્ટાર્ટઅપ ગ્રાન્ટની અને રીસર્ચ ગ્રાન્ટની સ્કીમને બિરદાવી હતી.

ગુજરાત સરકારના પ્રવેશોત્સવ અને ગુણોત્સવનાં કાર્યક્રમો દ્વારા રાજ્યમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો બહુજ વધ્યો છે તથા શિક્ષણનું સ્તર પણ સુધરેલ છે. ઉચ્ચ શિક્ષણમાં રાજ્ય સરકારના સ્ટાર્ટઅપ ગ્રાન્ટ અને રીસર્ચ ગ્રાન્ટની સ્કીમના કારણે રાજ્યના ઉચ્ચ શિક્ષણનું સ્તર બહુજ ઉંચે જશે તથા ઉચ્ચ શિક્ષાનો પાયો ગણાતા સંશોધને વેગ મળશે. ગુજરાત રાજ્યની સરકાર દ્વારા શિક્ષણના સ્તરને સુધારવા માટેના અથાગ પ્રયત્નોને બિરદાવવા લાયક છે.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા રાજ્ય સરકારના ઉચ્ચ શિક્ષણને વેગવંતુ બનવાના ભાગરૂપે એકઝીબીશન હોલ ખાતે માન. કુલપતિ શ્રી પ્રો. બી.એ. પ્રજાપતિના માર્ગદર્શન નીચે સુંદર સ્ટોલ ઉભો કરેલ. સરદ સ્ટોલમાં યુનિવર્સિટી ખાતે ચાલતા વિવિધ અભ્યાસક્રમોની માહિતી તથા ઉચ્ચ અભ્યાસની તકો અંગેની માહિતી વિદ્યાર્થીઓને પૂરી પાડવામાં આવી હતી. તા. ૧૪-૬-૨૦૧૭ના રોજ માન. મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી, માન. શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસ્મા તથા મહારાષ્ટ્ર રાજ્યના માન. શિક્ષણમંત્રીશ્રી વિનોદ તાવડે દ્વારા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સ્ટોલની મુલાકાત લીધેલ હતી, જે સમયે માન. કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિ ઉપસ્થિત રહેલ. દિવસ દરમ્યાન વિદ્યાર્થીઓ તથા વાલીઓ દ્વારા મોટી સંખ્યામાં સ્ટોલની મુલાકાત લઇ અને માહિતી મેળવવામાં આવેલ હતી. તા. ૧૫-૦૬-૨૦૧૭ના રોજ ઉત્તર પ્રદેશના માન. નાયબ મુખ્યમંત્રીશ્રી દિનેશ શર્મા દ્વારા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સ્ટોલની મુલાકાત લેવામાં આવેલ અને માહિતી મેળવેલ. ગુજરાત રાજ્યના ઉચ્ચ અને ટેક્નીકલ શિક્ષણના મુખ્ય સચિવ અંજુ શર્મા દ્વારા પણ સ્ટોલની મુલાકાત લેવામાં આવેલ હતી. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા ડીઝાઇન કરેલ સ્ટોલ એકઝીબીશન હોલ મુલાકાતીઓમાં આકર્ષણનું કેન્દ્ર બનેલ જેમાં યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમો, રીસર્ચ અને વિવિધ વિભાગોની માહિતી રજુ કરવામાં આવેલ. સ્ટોલ ત્રણ દિવસ માટે ખુલ્લો મુકવામાં આવેલ અને હજારો વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટેની માહિતી પૂરી પાડવામાં આવેલ હતી.

યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિ એક સારા શિક્ષણવિદ્ અને મેનેજમેન્ટ તજજ્ઞ તરીકે યુનિવર્સિટીમાં શિક્ષણનું સ્તર સુધરે તે માટે પરીક્ષાલક્ષી સુધારા કરવામાં આવેલ જેના ભાગરૂપે યુનિ.ના પરિણામો ઝડપી આવેલ. માન. કુલપતિશ્રી દ્વારા યુનિવર્સિટીમાં શિક્ષણનું સ્તર તથા યુનિ.માં સારું રીસર્ચ થાય અને અધ્યાપકોને સારું રીસર્ચ પ્લેટફોર્મ મળી રહે તે માટેના સુધારા કરી રહેલ છે.

**ડૉ. કે. કે. પટેલ**
ઇવેન્ટ સંયોજક તથા અધ્યક્ષ
હોસ્પિટલ મેનેજમેન્ટ વિભાગ,
હેમ. ઉત્તર ગુજરાત યુનિ., પાટણ.

## વિદાય સમારંભ
















હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં તા. ૧૪-૬-૧૫ના રોજ વયમર્યાદાને કારણે નિવૃત્ત થનાર છ કર્મચારીઓનો વિદાય સમારંભ મા. કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને રંગભવન ખાતે યોજાયો. મુખ્ય મહેમાન તરીકે પૂર્વ કારોબારી સભ્યશ્રી દશરથભાઇ જે. પટેલ, કા. કુલસચિવશ્રી ડૉ. ડી.એમ. પટેલ, કર્મચારી કલ્યાણ ટ્રસ્ટના પ્રમુખ, મંત્રીશ્રી કારોબારી સભ્યશ્રી, અધિકારીશ્રીઓ, ભવનોના અધ્યક્ષશ્રીઓ, કર્મચારી પરિવાર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વિદાય લઇ રહેલ કર્મચારીઓને શુભેચ્છા પાઠવી હતી. નિવૃત્ત થનાર કર્મચારીઓ (૧) ડૉ. કરશનભાઇ પટેલ (આસી. રજીસ્ટાર), (૨) પટેલ પશાભાઇ (જુ. ક્લાર્ક), (૩) પરમાર નરેન્દ્રભાઇ (જુ. ક્લાર્ક), (૪) દેસાઇ અમરતભાઇ (ચોકીદાર), (૫) નાયી જયંતિલાલ (સેવક), (૬) ઘાંચી દેવીકાબેને (સેવક) યુનિવર્સિટીનો વિશેષ આભાર વ્યક્ત કરી પોતાની સેવા દરમ્યાનના ખાસ પ્રસંગોને યાદ કર્યા હતા. મુખ્ય મહેમાનશ્રી દશરથભાઇ જે. પટેલે યુનિવર્સિટીના વિકાસમાં કર્મચારીઓનું શું યોગદાન હોઇ શકે અને યુનિવર્સિટી કર્મચારીઓના હકારાત્મક અભિગમથી જ પ્રકાશિત હોય છે, તેવો

ઉલ્લે કરી નિવૃત કર્મચારીઓના કાર્યને બિરદાવી તેમના સ્વસ્થ, દીર્ઘાયું માટે શુભેચ્છા પાઠવી હતી અને ઘટતી જતી કર્મચારીની સંખ્યા ભરવા તાકીદ કરી હતી. કુલસચિવશ્રી ડૉ. ડી.એમ. પટેલે પણ સેવા દરમ્યાન તેમની સાથેનો કર્મચારીઓનો વ્યવહાર અને કાર્યપદ્ધતિની પ્રશંસા કરી હતી. કાર્યક્રમના અધ્યક્ષ કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિએ નિવૃત્ત કર્મચારીઓને પ્રથમ કુલપતિ શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક લિખિત પુસ્તક ભેટમાં આપી સન્માન કર્યું હતું અને જણાવ્યું હતું કે, યુનિવર્સિટીને વટવૃક્ષ બનાવવામાં ભગીરથકાર્ય તરીકે જોડાયેલા આ કર્મચારીઓ સન્માન અને અભિનંદનને પાત્ર છે તેમને કર્મચારીઓએ કરેલી કામગીરીની પ્રશંસા કરતા ભવિષ્યમાં કર્મચારીઓની અછતને લીધે ઉભા થનાર પ્રશ્નો સામે ખંત અને ઉત્સાહથી કાર્ય કરવાની ભલામણ કરી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી અનિલ શાહ અને શ્રી વિનોદ પરવડાએ કર્યું હતું. અંતમાં સુરુચિ

# કૉલેજ ન્યુઝ

## ગૌરવ



※ શ્રી લક્ષ્મી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એસ.ટી.ટી. કૉલેજ, વિસનગરના ૬ પ્રશિક્ષણાર્થીઓએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલ માર્ચ–જુન ૨૦૧૭ની બી.એડ્. સેમ–૪ની પરીક્ષામાં ટોપ–૧૦માં સ્થાન પ્રાપ્ત કરેલ છે. જેમાં યુનિવર્સિટીમાં પ્રથમ રેન્ક પટેલ રિદ્ધિબેન ભરતભાઈ, ચોથો નંબર પટેલ ખુશ્બુબેન વિષ્ણુભાઈ, પાંચમો નંબર પટેલ પૂજાબેન રાજેશકુમાર, છઠ્ઠો નંબર મોદી જાનકીબેન અશોકકુમાર, આઠમો નંબર પટેલ જલ્પાબેન મનસુખલાલ, નવમો નંબર પટેલ સ્નેહાબેન નવીનકુમારે મેળવેલ છે.

※ 'હિંમત વિદ્યાનગર' સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ, રાધનપુર સંચાલિત શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં માર્ચ–જૂન–૨૦૧૭માં લેવાયેલ એમ.કોમ. સેમ–૪માં મહાત્મા કિંજલબેન રાજેશકુમાર યુનિવર્સિટીમાં ત્રીજો તેમજ તન્ના ભૂમિકા પ્રકાશભાઈએ દશમો ક્રમાંક પ્રાપ્ત કરેલ છે.

## ગૌરવ યાત્રા

અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત ડી.ડી. ઠાકર આર્ટ્સ એન્ડ કે.જે. પટેલ કૉમર્સ કૉલેજ, ખેડબ્રહ્મામાં તા. ૧૩–૬–૨૦૧૭ના રોજ ગુજરાત સરકારના આદિજાતિ કલ્યાણ વિભાગ દ્વારા આદિવાસી ગૌરવ યાત્રા યોજવામાં આવી હતી. જેનાં વનવાસી વિસ્તાર માટે તેમજ વિવિધ વર્ગના યુવાનો માટે સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી.

## સમર કેમ્પ

શ્રી ઊંઝા કેળવણી મંડળ સંચાલિત એ.એસ.બી. પટેલ કૉલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ઊંઝામાં સમર વેકેશન કેમ્પ–૨૦૧૭નું તા. ૨૫–૪–૨૦૧૭થી તા. ૯–૫–૨૦૧૭ સુધી આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીભાઇ–બહેનોને કમ્પ્યૂટર અવેરનેસ, સ્કેટીંગ, ડાન્સ, મહેંદી, ચિત્રકલા, હસ્તકલા, વેસ્ટ ટુ બેસ્ટ તથા સંગીતની તાલીમ શિક્ષકો દ્વારા આપવામાં આવી હતી. આ સમર કેમ્પમાં ૧૮૨ વિદ્યાર્થીભાઇ–બહેનોએ ભાગ લીધો હતો. જેમને કૉલેજ તરફથી તાલીમ પ્રમાણપત્ર તથા ગીફ્ટ આપવામાં આવી હતી.

## સેમિનાર

※ શ્રી અંબિકા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત મધર ટેરેસા કૉલેજ ઓફ નર્સિંગ, ગોઠવા, વિસનગર દ્વારા એક દિવસીય રાષ્ટ્રીય કક્ષાની 'Fostering Patient Safety Through Preventive Medication Errors' કોન્ફરન્સનું તા. ૩–૫–૨૦૧૭ના રોજ આયોજન કર્યું હતું. પ્રોગ્રામના મુખ્ય અતિથિ ડૉ. પ્રજ્ઞાબેન ડાભી–રજીસ્ટ્રાર, જી.એન.સી., અમદાવાદ અને વિશિષ્ઠ અતિથિ ડૉ. હર્ષદ ડી. વૈદ– અલકા મલ્ટીસ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ, ખેરાલુ દ્વારા મંતવ્યો રજૂ કર્યા હતા.

※ શ્રી સાર્વજનિક ફાર્મસી કૉલેજ, મહેસાણા ખાતે ૩–૬–૨૦૧૭ના રોજ બી.ફાર્મ. અને એમ.ફાર્મ.ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો. સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અજય ડાભી (એક્ઝીક્યુટીવ ઓફિસર પિરામલ હેલ્થકેર લિ., અમદાવાદ), પંકજ પટેલ (ક્યુ.એ. ઓડિટર, વીડા ક્લિનીકલ રીસર્ચ, અમદાવાદ) અને ડૉ. જે.બી. દવે એ (પી.જી. ડાયરેક્ટર, સાર્વજનિક ફાર્મસી કૉલેજ) ફાર્મસી ક્ષેત્રે વિવિધ કારકિર્દી આયામ વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

※ આર્ટ્સ કૉલેજ, શામળાજીના પ્રાચાર્ય અને કેળવણી મંડળના ટ્રસ્ટીશ્રી દિલીપભાઈ કટારાએ તા. ૨૯મી મે થી તા. ૪ જૂન દરમ્યાન જર્મની દેશની હેમ્બર્ગ યુનિવર્સિટીમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય શોધ સંગોષ્ઠીમાં ભાગ લીધો હતો. ડૉ. અજય પટેલે હિન્દી સાહિત્ય અને ભારતીય સમાજ વિષયક વ્યાખ્યાન ઉપરાંત હિન્દી સાહિત્યકાર નરેન્દ્ર કોહલીના પૌરાણિક ઉપન્યાસોમાં સ્ત્રી વિમર્શ વિષયનું શોધપત્ર રજૂ કરેલું. પ્રસ્તુત સંગોષ્ઠીમાં ભારતમાંથી ૨૦ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

## વિસ્તરણ પ્રવૃત્તિ

'હિંમત વિદ્યાનગર' સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ, રાધનપુર સંચાલિત શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં ટ્રસ્ટના પ્રમુખશ્રી ડૉ. મહેશભાઈ મુલાણીના અધ્યક્ષ સ્થાને અને યુનાઈટેડ ઇન્ડિયા ઇન્સ્યોરન્સના ડીવીઝન મેનેજરશ્રી રાહુલભાઈ ગજ્જર તથા ગાંધી સાહેબ તેમજ ટ્રસ્ટના મેને. ટ્રસ્ટીશ્રી રાયચંદભાઈના મુખ્ય મહેમાન પદે ગત વર્ષે કૉલેજમાં પ્રવેશ મેળવેલ અને અકસ્માતે મૃત્યુ પામેલ વિદ્યાર્થી (૧) પરમાર શૈલેષભાઈ પરમાભાઈ (૨) પંચાલ કીશન હસમુખભાઈ ને કૉલેજ દ્વારા લેવાતા યુનાઈટેડ ઇન્ડીયા ઇન્સ્યોરન્સ કંપનીના જુથવિમા યોજના અંતર્ગત રૂા. ૫૦,૦૦૦ના ચેક બન્ને વિદ્યાર્થીઓના વાલીને અર્પણ કરવામાં આવેલ. આ ઉપરાંત ગુજરાત સરકારની શહીદવીર કિનારીવાળા ગુજરાત સામૂહિક જૂથ અકસ્માત વિમા યોજના દ્વારા પણ રૂા. ૧,૦૦,૦૦૦/- આર્થિક સહાય અકસ્માતમાં મૃત્યુ પામેલ વિદ્યાર્થીઓના વાલીને કૉલેજ દ્વારા પૂરી પાડવામાં આવે છે.

## નિમણુંક

જેઠીબા કે. પટેલ આર્ટ્સ એન્ડ બી.એ. પટેલ એન્ડ ડી.બી. વ્યાસ કોમર્સ કૉલેજ, ચાણસ્મામાં ડૉ. રોહિતકુમાર એન. દેસાઈ આચાર્ય તરીકે નિમણૂંક પામેલ છે.

## સ્પર્ધા



રાજ્ય સ્તરની બાયોકેમીસ્ટ્રી ક્વીઝ સ્પર્ધામાં હિંમતનગરની જી.એમ.ઇ.આર.એસ. મેડીકલ કૉલેજ દ્વિતીય ક્રમે (શૈલજા દવે અને ચાર્મીપઢીયાર) અને તૃતીય ક્રમે (નિખીલ ઉદાણી અને હિમા બિંદુ) વિજેતા થયેલ છે.

# પ્રતિભાવ

યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ માનનીય શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક દ્વારા તેમના કાર્યકાળ દરમ્યાન લખાયેલ ''યુનિવર્સિટીની સ્થાપનાનો વૃત્તાંત'' જે ગ્રંથયુનિવર્સિટીએ પ્રકાશિત કરેલ છે તે મળેલ છે. જે બદલ હું આભારની લાગણી વ્યક્ત કરું છું.

આપશ્રીએ માનનીય યાજ્ઞિક સાહેબના યુનિવર્સિટીના સ્થાપનાના દિવસોને યાદ કરી ગ્રંથના રૂપમાં પ્રકાશિત કરેલ છે તે આપની યુનિવર્સિટીનું ઐતિહાસિક કાયમી સંભારણું બની રહેશે.

**પ્રો. જે. પી. મૈયાણી**
કુલપતિ
ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
જૂનાગઢ

માન. શ્રી કુલિનચંદ્ર યાજ્ઞિકજીના સરળ શબ્દોમાં લખાયેલ પુસ્તક યુનિવર્સિટીની સ્થાપનાનો વૃત્તાંતમાં યુનિવર્સિટીના આવશ્યક કાર્યો, પ્રારંભ, મહેકમ, તાલીમ, ઓફિસ વ્યવસ્થા, ગ્રંથાલય, જમીન સ્થળની પસંદગી, મકાનો, દાન, સત્તા મંડળો, પરીક્ષા, અનુસ્નાતક શિક્ષણ, વિવિધ ઇત્તર પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો, વિદ્યાર્થીઓના અભ્યાસપૂર્ણ થયેથી વિદ્યાર્થીઓની વિદાય તેમજ સંભારણાંઓને સુંદર રીતે વણી લેવામાં આવ્યા છે. યુનિવર્સિટીની શરૂઆતની સફરને પુસ્તક સ્વરૂપે લોકો સમક્ષ પહોંચાડવાની આપશ્રી અને આપની ટીમની યુનિવર્સિટી વિષયક શિક્ષણયાત્રાને ખૂબ ખૂબ અભિનંદન...

**ડૉ. એસ. એન. ઝાલા**
કુલપતિ
મહારાજા કૃષ્ણકુમારસિંહજી
ભાવનગર યુનિવર્સિટી,
ભાવનગર.

# વિજ્ઞપ્તિ

આપના અનુસ્નાતક વિભાગ તથા કૉલેજમાં યોજવામાં આવતી વિવિધ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને અધ્યાપકો-વિદ્યાર્થીઓએ મેળવેલ વિશિષ્ટ સિદ્ધિઓની અદ્યતન માહિતીની ટૂંકીનોંધ કાગળની એક જ બાજુએ ટાઇપ કરેલ (શક્ય હોય તો ફોટો સહિત) 'ઉદીચ્ય'માં પ્રસિદ્ધ કરવા માટે નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવા વિનંતી.

**ડૉ. નિલેષ એ. પટેલ**-કાર્યકારી ગ્રંથપાલ
શિવાભાઈ ઉમેદભાઈ પટેલ ગ્રંથાલય
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,
ટી.બી. રોડ, પાટણ - ૩૮૪૨૬૫. મો. ૯૮૯૮૧ ૩૩૨૭૫
ઇ-મેઇલ : udichyahngu@gmail.com

# સબરસ

ડૉક્ટર : નાનો એવો જખમ છે. ચિંતા કરવાનું કોઇ કારણ નથી...
(એટલામાં એમની નજર દર્દીના iPhone 7 પર પડી.)
ડૉક્ટર : તો પણ..... સેફ સાઇડ માટે તમે MRI કરાવી લ્યો....

ભૂલા પડવાનો એકજ ફાયદો છે. કેટલાક નવા રસ્તાનો પરિચય થાય છે.
અજાણ્યાનો સંગ થાય છે.... અને જાણિતાની પરખ થાય છે....

**HNGU**
**HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN**


**Hemchandracharya North Gujarat University, Patan**
P.B.21, University Road, Patan-384265, Tel: +91-2766-222744, 220932, Fax: +91 - 2766-231917, Visit us at : www.ngu.ac.in

**Editor : Dr. Nilesh Patel** (I/c University Librarian), **Dr. Chanduji Thakor**
**Published by : Dr. D.M.Patel,** I/c Registrar
Design by : Bhaskar Goswami
Printed by : **Vinod Printery,** Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011
R.N.I. No. 48820/90, Valid up to 31-12-2017, Posting Reg. No. G/PTN/42, Office of Posting : PATAN H.P.O.